



અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli/69/12-14 Validup to 31/12/14

સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦

તા.૨૫-૧૧-૨૦૧૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭
99096 11211
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,







તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૧ માગસર સુદ ૩ વર્ષ : ૧૯ અંક ૮૨


**અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ૧૫૦ કરોડના ખર્ચે થનારા માર્કેટયાર્ડના ખાતમુર્હુતમાં નવો ચિલો પાડતા શ્રી સોજીત્રા**

# અમરેલીમાં ૧ ડીસેમ્બરે નવા માર્કેટયાર્ડનું ખાતમુર્હુત

**માર્કેટયાર્ડનું ખાતમુર્હુત પંચ કુવારીકાઓના વરદ હસ્તે કરવામાં આયોજન કરાયું**

**આધુનિક માર્કેટ યાર્ડના સ્વપ્નદ્રષ્ટા શ્રી પી.પી.સોજીત્રા દ્વારા નવા બનનારા માર્કેટ યાર્ડનું ખાતમુર્હુત તદ્દન સાદગીથી કરવા આયોજન**

**પ્લાનીંગ,ડીઝાઇન અને એલીવેશનમાં શ્રેષ્ઠ બનશે અમરેલીનું માર્કેટયાર્ડ**


કુ.પ્રાંચી સોજીત્રા


કુ.હાર્દિ પટેલ


કુ.શ્રેયા સંઘાણી


કુ.ઘટા પંડયા


કુ.જેની રૈયાણી

અમરેલી,

અમરેલીમાં રૂા. ૧૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત થનાર માર્કેટયાર્ડનું ૧ ડીસેમ્બર સોમવારે પાંચ કુવારીઓના હસ્તે ખાતમુર્હુત અને ભૂમિપૂજન સમારોહ યોજાનાર છે.અમરેલી માર્કેટયાર્ડના સ્વપ્ન દ્રષ્ટા

(અનુસંધાન પાનાનં.૬)

## અમરેલીમાં આગેવાનો સાથે કાયદો વ્યવસ્થાની સમિક્ષા કરતા ડીઆઇજી શ્રી બ્રિજેશકુમાર ઝા

**સમિક્ષા બેઠકમાં પુર્વ મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણી, ધારાસભ્યશ્રી પરેશભાઇ ધાનાણી, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઇ સાવલીયા તથા વિહીપના ડો. જી.જે.ગજેરા, વેપારીઓ ઉપસ્થિત રહ્યા**





અમરેલી,અમરેલી જિલ્લાના વાર્ષિક ઈન્સ્પેકશનમાં આવેલા ડીઆઇજી જુનાગઢ રેંજના શ્રી બ્રિજેશકુમાર ઝાએ આજે અમરેલી ખાતે આગેવાનો અને મિડીયા સાથે કાયદો વ્યવસ્થા અંગે સમિક્ષા બેઠક યોજી આગેવાનો તરફથી રજુ થયેલા સુચનોની નોંધ કરી કાયદો વ્યવસ્થાની સ્થિતી બાબતે ચર્ચા વિમસ કર્યો હતો.આ બેઠકમાં ધારાસભ્યશ્રી

(અનુસંધાન પાનાનં.૬)

## અમરેલીની દાણાબજારમાં દુકાનનાં નળીયા ખેસવી તસ્કરોએ ચોરી કરી

**તસ્કરોએ રૂપિયા ૨૨ હજારની રોકડી કરી હાથફેરો કર્યો**

અમરેલી

અમરેલી દાણાબજારમાં દુકાનના નળીયા ખેસવી ચોરી કર્યાની ફરીયાદ નોંધાઇ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર અમરેલી શ્રીરંગ

(અનુસંધાન પાનાનં.૬)

## લાઠીના કેરીયા ગામમાં સામાન્ય તકરારમાં પતાવી દેવાની ધમકી

**ત્રણ શખ્સોએ ગાળો આપી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી, લાઠીના કેરીયા નજીક કેરીયા ગામના નવનીતભાઇ હરીભાઇ રાછડીયા ઉ.વ.૩૪ ને અમારી સાથે ઝઘડો કેમ કરે છે. તેવું જણાવી તેમના ઘરે જઇ પીન્ટુ જીવકુએ લાકડી મારી ત્રણ અજાણ્યા શખ્સોએ હાથમાં હોકી ધારણ કરી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરીયાદ થઇ છે.

## અમરેલી જિલ્લામાં સાત શરાબીઓ ઝડપાયા

અમરેલી,અમરેલી જિલ્લામાં પોલીસ પેટ્રોલીંગ દરમિયાન મુકેશ ગોવિંદ સોલંકી દે.પુ. વડિયા, ધીરૂ નાથા શિયાળ રે. મીઠાપુર તા. જાફરાબાદ, બુધા રામજી કોળી રે. રાજુલા, ભગુ હમિર કોળી રે. ખાંભા, દેવશી બચુ કોળી રે. ભાવરડી તા. ખાંભા, કાળુ ઉર્ફે માવજી અરજણ કોળી રે. અમરેલી, ગફાર શરિફ સંધી રે. અમરેલી ને પીધેલી હાલતમાં ઝડપી પાડેલ છે.

## અમરેલીમાં વિજ કર્મચારીઓનો સુત્રોચ્ચાર



અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારા વિજ કર્મચારીઓના પ્રશ્ને રજુઆતો છતા નિકાલ નહિ આવતા આંદોલન કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે તે મુજબ અમરેલીમાં વિજ કર્મીઓએ સુત્રાચ્ચાર કરી રોષ વ્યકત કર્યો હતો.

## કોઇ ફરિયાદ કરવા તૈયાર નથી : એસપીશ્રી ચૌહાણ

**લોકો પોલીસને સહકાર આપે તો પોલીસ મદદ માટે તૈયાર**

અમરેલી,અમરેલી ખાતે આજરોજ યોજાયેલી ડીઆઇજીની બેઠકમાં ધારી તાલુકાના ત્રણ ગામોમાં માથાભારે તત્વો

(અનુસંધાન પાનાનં.૬)

## અમરેલી, સાવરકુંડલા પછી હવે રાજુલાનું ડિવીઝન પણ બનશે

**અમરેલી શહેરને બે ડિવીઝનમાં વહેંચવા દરખાસ્ત**

અમરેલી,અમરેલી ખાતે આજરોજ ડીઆઇજી શ્રી બ્રિજેશકુમાર ઝાની ઉપસ્થિતીમાં યોજાયેલ બેઠકમાં અમરેલી

(અનુસંધાન પાનાનં.૬)

**અમરેલીની સ્થાનિક બેઠકમાં**

## લાંબા સમયે શ્રી સંઘાણીની સરપ્રાઇઝ ઉપસ્થિતી

**પુર્વ મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણી બેઠકમાં હાજર રહ્યા**

અમરેલી,રાજયના પૂર્વ કાયદામંત્રી અને માજી કૃષિ મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણી આજે અમરેલી ખાતે ડીઆઇજીશ્રી બ્રિજેશકુમાર ઝાએ બોલાવેલ કાયદો વ્યવસ્થાની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.ઘણા લાંબા સમય બાદ આ પ્રકારની બેઠકમાં માજી મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ ઉપસ્થિતી રહી કાયદો વ્યવસ્થાની સ્થિતી અંગે પોલીસ અધિકારીઓ પદાધિકારીઓ સાથે ચર્ચા વિમસ કર્યો હતો.

**એક સુરમાં એસપીની કામગીરીને બિરદાવતા આગેવાનો**

## અમરેલીમાં ટ્રાફિક સમસ્યા અને કાયદો વ્યવસ્થા માટે લેવાયેલા પગલાને આવકાર

અમરેલી,અમરેલી એસપી કચેરી ખાતે આજરોજ યોજાયેલ કાયદો વ્યવસ્થામાં સમિક્ષા બેઠકમાં ઉપસ્થિત આગેવાનો

(અનુસંધાન પાનાનં.૬)

## જાફરાબાદ ડીઝલ પેટ્રોલનું અનઅધિકૃત રીતે થતુ વેચાણ પોલીસે ઝડપી લીધુ

**ડીઝલ પેટ્રોલનો જથ્થો જપ્ત કરી ગુનો નોંધ્યો**

અમરેલી,જાફરાબાદમાં જાહેરમાં અનઅધિકૃત રીતે પેટ્રોલ-ડીઝલ વેચતા યુવાનને પોલીસે ઝડપી લઇ ગુનો નોઘેલ

(અનુસંધાન પાનાનં.૬)






**સામાન્ય રીતે બીટી કપાસમાં જનારી ઇયળો મરી જતી હોય છે પણ...**

## ગીરકાંઠાના ગામોમાં આશ્ચર્યજનક રીતે બીટી કપાસ ખાઇ જતી ઇયળો

**ધારી તાલુકાના મીઠાપુર સહિત ત્રણેક ગામોમાં કંટાળેલા ખેડૂતોએ કપાસનો પાક ઉખેડી નાખ્યો : બોલગાર્ડે નવી જાત વિકસાવવી પડશે**

અમરેલી,

અમરેલી જિલ્લામાં બીટી કપાસને ફરી એક વખત સંશોધન કવુ પડે તેવી સ્થિતી સર્જાઇ છે અને ધારી તાલુકામાં કપાસના પાકનો ઇયળોએ સોથ બોલાયતા કંટાળેલા ખેડૂતોએ કપાસ ઉખેડવાનું શરૂ કરી દીધુ છે. મોટા વાવેતરને કારણે નવેમ્બર સુધીમાં ચાર વીસતી થતી હોય છે તે માત્ર એક જ વીણી થઇ છે. તેવા ટાણે ધારી તાલુકાના મીઠાપુર અને આસપાસના ત્રણ ગામોમાં કપાસના પાકમાં ઇયળ જોવા મળી છે. અને આશ્ચર્યજનક રીતે આ ઇયળો કપાસને ખાઇ જાય છે.

તેમ મીઠાપુરના સરપંચશ્રી જયેશભાઇએ જણાવ્યુ હતું. હવે આ ઇયળોથી સુરક્ષીત નથી જાત બીટી કપાસની બનાવવી પડશે.

**કપાસના ઘટેલા ભાવો વચ્ચે વધુ એક ડામ : નવેમ્બરના અંત સુધીમાં ૪ વીણી થઇ હોય પણ અત્યાર સુધીમાં માત્ર એક જ વિણી ઉતરી છે**






## લીલીયા ભાવનગર મહુવા ટ્રેન બે બે કલાક મોડી પડતા મુસાફરો પરેશાન

**ધોળાથી અમદાવાદ, સુરત, મુંબઇ કનેકશન માટે મુશ્કેલી**

લીલીયા, લીલીયા ભાવનગર મહુવા બ્રોડગેજ રેલ્વે લાઇન જે બપોરના મહુવાથી ભાવનગર જતી ટ્રેન નો સમય ૪-૨૦ નો છે જે ટ્રેન છેલ્લા અઠવાડીયાથી બે બે કલાક મોડી પડવાના કારણે પેસેન્જરો હાલાકીમાં મુકાયા છે.આ ટેનના મુસાફરોને ધોળાથી અમદાવાદ સુરત મુંબઇ ટ્રેનનું અઠવાડીયાથી ટ્રેનની અનિયમિતતા સર્જતા ૨૦૦થી ૩૦૦ મુસાફરો રખડી પડે છે. આ અંગે નિષ્ઠુર રેલ્વે તંત્રના અધિકારીઓ પણ કોઇ પ્રશ્ન સાંભળતા નથી તો મુસાફરોની માંગ છે કે ટ્રેનને નિયમિત કરવામાં આવે.

**વોટસએપ કોર્નર...**

## સાવરકુંડલાના મેવાસા પાસે પીકઅપ બોલેરો હડફેટે ભેંસનું મોત થયું


તસવીર નિલેશ તેરૈયા

અમરેલી,સાવરકુંડલાનામેળાસા પાસે વાહન હડફેટે ભેંસનું મોત થયુ હતુ. સાવરકુંડલાના મેવાસા ગામ પાસે પસાર થતી પીકઅપ બોલેરોના ચાલેક ભેંસને હડફેટે લેતા ભેંસનું મોત થયું હતુ અને બોલેરો ઉઘી વળી હતી.

## અમરેલીના ચક્કરગઢ દેવળીયાની સગીરા ઘરમાંથી હાથફેરો કરી પ્રેમી સાથે પલાયન

**ગામનો જ યુવાન અપહરણ કરી ભગાડી ગયો**

અમરેલી

અમરેલી ચક્કરગઢ દેવળીયાની સગીરા ને ગામનો જ યુવાન લલચાવી ફોસલાવી ભગાડી જઇ તેમજ સગીરા ઘરમાંથી રૂા.૫૦ સાથે નાસી

(અનુસંધાન પાનાનં.૬)

## મોટા ભમોદરાના આશાસ્પદ યુવાનનું સુરતમાં અકસ્માતે મોત

**મોટા ભમોદરામાં ઘેરો શોક**

અમરેલી,મોટા ભમદરામાં ગરીબ પરિવારમાં ગુજરાન ચલાવતા યુવાન ધનજીભાઇ પાંચાભાઇ ડાભી ઉ.વ.૩૨ સુરત રૂટની બસમાં કન્ડકટર તરીકે ફરજ બજાવી સુરત માં મોટરસાયકલમાં લઇ શુક્રવારે બપોરે એક વાગ્યે જતા હતા ત્યારે અકસ્માત સર્જાતા માથાના ભાગે હેમરેજના કારણે મોત થતા ઘેરો શોક વ્યાપ ગયો છે.

## ચલાલાના લાખાપાદરમાં ગેસનો બાટલો ફાટતા બાળાનું મોત

**ગેસની ઝાળે દાઝી ગયેલી બાળાનું મોત**

અમરેલી, ચલાલાના લાખાપાદરમાં રહેતી ચંદ્રાબેન રામકુભાઇ વાળા ઉ.વ.૫ ગેસનો બાટલો ફાટતા દાઝી જતા તેનું સારવારમાં મોત થયાનું પોલીસ દફતરે જાહેર થયેલ છે.

**સાતમી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫ તા.૧૧ થી ૧૩ મી જાન્યુઆરીએ મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાશે : દેશના દસ શહેરોમાં નોતરા પાઠવતી ગુજરાત સરકાર**

# કોલકતામાં વાઇબ્રન્ટ સમિટની રૂપરેખા આપતા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

**રાજય સરકાર માત્ર ઔદ્યોગિક નહિ પણ કૃષિ વિકાસને પણ પ્રાધાન્ય આપે જ છે**

**રાજયના વરિષ્ઠ કેબીનેટ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં કોલકતામાં સ્નેહમિલન - વાર્તાલાપ યોજાયો : શ્રી નીતિનભાઇએ સૌને નિમંત્રણ પાઠવ્યા : શ્રોતાઓ સાથે ગોષ્ઠી કરી**

**શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ઉદ્‌ઘાટન સમિટની ચાલતી તડામાર તૈયારીઓ**




અમરેલી,

૭ મી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫ નું આયોજન ૧૧ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫ સુધી મહાત્મા મંદિર, ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે. તે અંગેના પ્રચાર માટે અને સંબંધિત લોકોને તેમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવા માટે ગુજરાતના મંત્રીઓના નેતૃત્વ હેઠળ વિવિધ પ્રતિનિધિમંડળ ભારતના ૧૦ શહેરોની મુલાકાત લઈ રહ્યા છે. તે અંતર્ગત ગુજરાત રાજયના સ્વાસ્થ્ય, સડક અને ભવ્ય નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિમંડળ તાજેતરમાં કોલકાતા આવ્યું હતું. તેમની સાથે 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫' વિષે એક મિલનનું આયોજન ગુરૂવાર તા. ૨૦મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૧૧ વાગ્યાથી હોટલ હયાત રિજેન્લીમાં કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે બોલતા શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતું કે, કોલકાતા તો સ્વામી વિવેકાનંદજી, નેતાજી સુભાષચંદ્ર બોઝ, કવિવર રવિન્દ્રનાથ ટાગોર જેવી મહત્વની વિભૂતિઓની પાવનભૂમિ છે. અહિં આવતા તેમની ચેતનાના સ્પંદનો અનુભવાય છે. શ્રી નીતિનભાઈએ જણાવ્યુ કે, શ્રી નરેન્દ્ર મોદી ૨૦01 માં મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે કહ્યુ કે, ગુજરાતના વિકાસ માટે માત્ર ગુજરાતીઓ જ રોકાણ કરે તે પર્યાપ્ત નથી, બલકે બધા લોકો આવીને વિકાસમાં ભાગીદાર બને. આ કામ સહેલુ નહોતું. આરંભમાં મુશ્કેલીઓ નડી પણ શ્રી નરેન્દ્ર મોદી તેમનો સામનો કરતા રહ્યા અને પોતાના પંથે આગળ વધતા રહ્યા. દરેક ક્ષેત્રનો વિકાસ થાય તે માટે તેઓ પ્રયત્ન કરતા રહ્યા. પ્રથમ સમિટ વર્ષ ૨00૩ માં અમદાવાદના ટાઉન હોલમાં નાના પાયે યોજાઈ હતી. ૨-૩ સમિટના આયોજન પછી તે ખૂબ લોકપ્રિય બની. આ આયોજને લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ખૂબ ઉપયોગી નીવડયા.શ્રી નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યુ કે, પ્રભાવી ઈન્ફ્રાસ્ટ્રકચર, સુંદર કાનુન વ્યવસ્થા વગેરેના કારણે ઔદ્યોગિક વિકાસ માટે ગુજરાત મોડેલ સમગ્ર દેશના વિકાસ માટે એક સફળ મોડેલ બની ગયુ છે. શ્રી નીતિનભાઈએ વધુમાં જણાવ્યુ કે, રાજય સરકાર માત્ર ઉદ્યોગોના જ નહિં પણ કૃષિના વિકાસ માટે પણ પ્રોતસાહન આપે છે. ઈલેકટ્રોનિક અને આઈટી સેકટરના વિકાસ માટે પણ નવી નીતિ અપનાવવામાં આવી છે. સ્કિલ ડેવલપમેન્ટ પર ભાર મૂકવામાં આવે છે. આમ, વિવિધ ક્ષેત્રોના વિકાસ માટે પ્રયાસ કરવામાં આવે છે.શ્રી નીતિનભાઈએ જણાવ્ય કે, નરેન્દ્રભાઈ મોદીએ હમણાં એક નવો મંત્ર આપ્યો, મેક ઈન ઈન્ડિયા એટલે કે, માત્ર ગુજરાતમાં જ નહિં પણ સમગ્ર ભારતના વિકાસની વાત છે,. શ્રી નરેન્દ્ર મોદીએ બિનનિવાસી ભારતીયો (એનઆરઆઇ) ને ભારતમાં મૂડીરોકાણ કરવા અનુરોધ કર્યો છે. વિશ્વ પ્રવાસી દિન નિમિતે બિનનિવાસી ભારતીયો ગુજરાત આવશે. પ્લાસ્ટિક ઉદ્યોગને લગતુ પ્લાસ્ટ - ઈન્ડિયા પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. શ્રી નીતિનભાઈએ જણાવ્યુ કે, સમિટની શરૂઆત કરી ત્યારે એક પણ વિદેશી રાષ્ટ્ર પાર્ટનર નહોતું. આજે ૭ મી સમિટમાં દુનિયાના ટોચના રાષ્ટ્રો ભાગ લઈ રહ્યા છે - ઓસ્ટ્રેલીયા, કેનેડા, ચાઈના, જાપાન, નેધરલેન્ડસ, સિંગાપુર, દક્ષિણ આફ્રિકા, યુકે અને યુએસએ, જે આ સમિટની વૈશ્વિક મહ ા ા સુચવે છે. આજે આ સમિટ વ્યવસાય અને ઉદ્યોગ માટે એક મહત્વનું વૈશ્વિક કેન્દ્ર બની ગઈ છે.શ્રી નીતિનભાઈએ સહુને આ સમિટમાં સંમિલિત થવા આમંત્રણ આપ્યું હતું. પછી તેમણે તથા તેમના સાથીઓએ શ્રોતાઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.આરંભમાં શ્રી વિરેશ ઓબેરોય (ચેરમેન, સીઆઈઆઈ, પૂર્વ ક્ષેત્ર) એ સ્વાગત પ્રવચન કર્યુ હતું. પછી રાહુ મહાનુભાવોએ સાથે મળીને દીપ પ્રજવલન કર્યુ હતું. આ પ્રસંગે વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ વિષે એક ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. શ્રી રાજગોપાલ (પ્રિન્સીપાલ સેક્રેટરી, પોર્ટ એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગ, ગુજરાત રાજય સરકાર) એ વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ વિષે માહિતી આપી હતી. અંતમાં સહુએ સાથે મળીને ભોજનનો આનંદ માણ્યો હતો.ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આ વિષે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવે છે કે, જેમ જેમ નવા વિચારો પ્રસ્થાપિત થતા જાય છે તેમ તેમ ગુજરાત ૨૧ મી સદીમાં ભારતના વિકાસને ગતિ આપવામાં મહત્વનું પ્રદાન કરશે.

**વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ નું આયોજન ૧૧-૧૨-૧૩ ના જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાતમાં કરવામાં આવ્યું છે. તેની ઝલક**

- ભારતના વડાપ્રધાનથી નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન
- વિશ્વના અનેક રાષ્ટ્રના વડા અને નેતાઓની પ્રેરક હાજરી
- ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓના સીઈઓ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રમુખ, અર્થશાસ્ત્રીઓ, નોબેલ પુરસ્કાર વિજેતાઓ, રાજનીતિજ્ઞો અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ
- ઓસ્ટ્રેલીયા, કેનેડા, ચીન, જાપાન, નેધરલેન્ડસ, સિંગાપુર, દક્ષિણ આફ્રિકા, યુકે અને યુએસએ વિષે સેમિનાર
- મુડીરોકાણ માટેની તકો તથા મૂડીરોકાણ પ્રોત્સાહન વૈશ્વિક સીઈઓનું મિલન આંતરરાષ્ટ્રીય કન્સર્ટ
- વાઈબ્રન્ટ ગુજરાત ટેડ શો ૨૦૧૫ માં આશરે ૧૭ લાખ લોકો મુલાકાત લેશે.
- ભારતની મોટી કંપનીઓ સાથે ભાગીદારી સ્થાપવાની સુંદર તક.


## અમારા પ્રિય મીત્રને ભાવભરી શ્રદ્ધાંજલી



તુ એક પળમાં જીંદગીભરનું સભારણું છોડી ચાલ્યો ગયો, જીંદગી ટુંકી હતી છતાં લાગણી ઘણી મુકી ગયો, જીવ્યો થોડું પણ જીતી ઘણું ગયો, હસીને હસાવનાર બધાને રડાવીને તું ચાલ્યો ગયો પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને પરમ શાંપી અર્પે એજ પ્રાર્થના...

**સ્વ.રવિ નનુભાઇ બાબરીયા**
**(ઉ.વ.૨૫)**
**સ્વ.તા.૨૨-૧૧-૧૪ શનિવાર**

લી.

**નાસીર ટાંક** (સાગર મોટર) - **મુકેશ ટાંક** (ૐ સાંઇ ઓટો)
**સમીર કુરૈશી** (એન.એસ.યુ.આઇ) - **રૂષિ ભટ્ટ** (જે.બી.મોબાઇલ)
**વિશાલ સરવૈયા** (ચાંમુડા ટેઇલર) - **અજય ઠાકોર** (આસ્થા કટલેરી)
**ઇમરાન ટાંક - રમીઝ તરકૈસા**
**સાબીર - અક્રમ દેયડિવાલા**
**તેજસ લેઉવા - હિતેશ તુલસાણી**
**લખન સાગઠીયા - હાર્દિક હિંગુ**
**દિપક ડેર** (ગુરૂકૃપા ટ્રાવેલ્સ)
**એંજલ ગૃપ** (અમરેલી)
**સાગર મોર્ટસ** (અમરેલી)

# અમદાવાદનાં બગોદરા ખાતે ગુજરાત કોળી સમાજનું સંમેલન મળ્યું



પ્રધાનમંડળમાં કોળી સમાજની ઉપેક્ષા સાથે હિરાભાઇ સોલંકીને મંત્રીમંડળમાં ન લેવાતા ઠેર ઠેર ઘેરા પડઘા પડયા છે તેના એકભાગ રૂપે વિરોધ વ્યક્ત કરવા અમદાવાદનાં બગોદરા ખાતે ગુજરાત કોળી સમાજનું સંમેલન મળ્યું તે પ્રસંગે હજારો મેદની ઉમટી પડી હતી તે નજરે પડે છે.

## અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શિક્ષકોની સજ્જતા માટે તાલીમ વર્ગનું આયોજન

**તાલીમ વર્ગમાં શિક્ષણવિદ શ્રી ગીજુભાઇ ભરાડનું માર્ગદર્શન**



અમરેલી,

અમરેલીમાં નિવાસ અને શિક્ષણ ક્ષેત્રે સદા અગ્રેસર શ્રીજી વિદ્યાથી ભુવનના સંચાલક શ્રી દીપકભાઇ વઘાસિયાની પ્રેરણાથી સરસ્વતી પ્રાથમિક / માધ્યમિક અને ઉચ્ચતરના તમામ શિક્ષક ભાઈઓ–બહેનો માટે વિષય સજ્જતા અંગે તા. ૧૦/૧૧/૧૪ થી તા.૧૪/૧૧/૧૪ સુધી વિવિધ તજજ્ઞો દ્વારા અલગ–અલગ વિષયની તાલીમ આપવામાં આવી જેમાં તજજ્ઞ સવશ્રી કેવલભાઈ મહેતા (પાઠક સ્કુલ), ડો.પ્રકાશભાઈ દવે (ગળકોટડી), શ્રી દિપકભાઈ ભટ્ટ (ઓજસ), ભાવેશભાઈ વ્યાસ (એકસપર્ટ), શ્રી મયૂરભાઈ દવે (સરસીયા) વગેરેએ પોત પોતાના વિષય પરત્વે વિસ્તત છણાવટ સાથે સમજ આપી. તમામ શિક્ષકભાઈ બહેનોએ ઉત્સાહપૂવક પ્ર નોત્તરી શિક્ષણમાં વિવિધ ટેકનીક, મૂલ્યોની નિપજ વગેરે બાબતે વગખંડમાં વિદ્યાથીઓને સીધું શિક્ષણ મળે તેવી સજ્જતા સાથે તાલીમ લીધી. ગુજરાતના ગૌરવસમાન ગણિતના વિદ્વાન–સાહિત્યકાર શ્રી ગીજુભાઈ ભરાડે ખાસ મુલાકાત લઈ શિક્ષકોની સાથે શિક્ષણ, શિસ્ત અને ગણીત વિષય પરત્વે માગદશિત કયો.

## અમરેલી ડાયનેમિક ગ્રૃપ તથા એએફસી નવી દિલ્હી દ્વારા સ્વચ્છતા અભિયાન

**ડાયનેમિક ગૃપનાં પ્રમુખ પ્રા.હરેશ બાવીશી, જિલ્લા ખોડલધામનાં પ્રમુખ દિનેશભાઇ બાંભરોલિયા તથા શ્રી રાજીવ ગુપ્તાની ઉપસ્થિતિમાં આયોજન**



અમરેલી,અમરેલીની જાણીતી સેવાભાવી સંસ્થા ડાયનેમિક ગૃપ ઓફ ડાયનેમિક પર્સનાલિટિઝ અમરેલી તથા નવી દિલ્હીની રાષ્ટ્રીય કક્ષાની બિનસરકારી સંસ્થા એકપીડીશન ફોર કોઝ નામની સંસ્થા દ્વારા અમરેલી શહેરમાં ડાયનેમિક ગૃપનાં પ્રમુખ પ્રા.હરેશભાઇ બાવીશીનાં સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ જિલ્લ ખોડલધામ સમિતિના કન્વિનરશ્રી દિનેશભાઇ બાંભરોલિયા તથા નવી દિલ્હીનાં એમ.ડી. રાજીવ ગુપ્તાની અધ્યક્ષતામાં સ્વચ્છતા અભિયાન ૨૦૧૪ અંતર્ગત માર્ગદર્શન આપી કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

ડાયનેમિક ગૃપ અમરેલીનાં યુવા પ્રમુખશ્રી પ્રા.હરેશ બાવીશીનાં સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ આય,જિત આ કાર્યક્રમમાં કુલ ૫૦૦૦ કાપડની થેલીનું વિતરણ કરીને અમરેલી શહેરનાં નાગરિકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા જણાવાયું હતુ. તથા અવાનારા દિવસોમાં અમરેલી નગર ગુજરાતનાં નમૂનારૂપ સ્વચ્છ નગર બને તે માટે લોકોમાં જાગૃતિ લાવવા પ્રમુખશ્રી પ્રા.હરેશભાઇ બાવીશીએ જણાવ્યું હતુ. સ્વચ્છતા અભિયાનનાં આ કાર્યક્રમાં સીટી પીઆઇશ્રી પટેલ, લાયન્સ કલબ મેઈનના લા.એમ.પી.કાબરીયા, જગદીશભાઇ તળાવીયા, નનુભાઇ તળાવીયા, સહજાનંદભાઇ સખરેલીયા, સંસ્કાર હોસ્ટેલનાં વિદ્યાર્થી ભાઈ- બહેનો ઉપસ્થિત રહીને ડાયનેમિક ગૃપ અમરેલી દ્વારા આયોજન બદલ અભિનંદન આપ્યા હતા.

## મોટા ગોખરવાળા ગામની પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમ યોજાયા

**દાતા સરપંચશ્રીઓએ શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન કર્યુ : સ્નેહમિલનનું આયોજન**

અમરેલી,

અમરેલીના મોટા ગોખરવાળા ના પ્રા. શાળામાં તા ૧૯/૧૧/ના વિવિધ કાર્યક્રમ યોજાયો હતો જેમાં દાતા સરપંચશ્રીઓ શ્રેષ્ઠ શક્ષક સન્માન સ્નેહ મિલન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ

મોટાગોખરવાળાના વતની હાલ લંડન રહેતા દાતા રમેશભાઇ તથા રસીકભાઇ માઘાણી તેમજ સમગ્ર માઘાણી પરિવારનું ગ્રામજનો શાખી પરિવાર નથી ગામના સરપંચ ચતુરભાઇ કથીરીયાએ કરેલ સાથો સાથ આજુબાજુના સરપંચમાં ચાંદગઢના સરપંચ દાદભાઇ ધાધલ નાના ગોખરવાળાના અશોકભાઇ સાંગાણી લક્ષ્મીબી કનુભાઇ લકકડ, રાજસ્થાનીના સરપંચશ્રી તથા સોનારીયાના ભનુભાઇ રામોલિયા સરપંચોનુ પણ સન્માન અભિવાદન કરવામાં આવશ તાલુકા સદસય અગ્રણી ગુણધંનભાઇ સાંગાણીનું પણ સન્માન કરેલ વિશેષ નો ૨૦૧૪ ના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શ્રી જનતા વિદ્યાલય હાઇસ્કુલના પ્રિન્સીપાલ ડોડીજી મહેતાનું પણ સન્માન કરેલ આરોગ્ય વિભાગ સુપરવાઇઝર શ્રી ધનશ્યામભાઇ કથીરીયાનુ પણ સન્માન કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયેલ નાસ્તાપાણી કરી છુટા પડયા તેમ ધનશ્યામભાઇ કથીરીયા તથા ચાંદઢની પત્રકાર ગીરીશભાઇ ઠાકર જણાવેલ છે.

*યુવા જોડો અભિયાન અંતર્ગત*

## લાઠીમાં યુવા ભાજપની કારોબારી બેઠક યોજાઇ

લાઠી,લાઠી મા શહેર અને તાલુકા યુવા ભાજપ યુવા જોડો અભિયાન અંતર્ગત કારોબારી બેઠક જગદીશભાઇ નાકરાણી ની વિશેષ ઉપસ્થિતી માં મળી હતી જેમાં જગદીશભાઇ નાકરાણી ભરતભાઇ થાડા શહેર યુવા ભાજપ પ્રમુખ ઈતેશ મહેતા તાલુકા યુવા ભાજપ પ્રમુખ પરેશ ભાઈ કનાળા એ માર્ગદર્શન આપેલ.યુવા જોડો અભિયાન અંતરગત વોર્ડ ઈનચાર્જ સદ ઈનચાર્જની નિમણૂક કરવામાં આવતા લાડી વોર્ડનં માં મુકેશભાઇ મકવાણા જગદીશભાઇ મકવાણા વોર્ડ ૨ અશ્વિનભાઇ સરવૈયા અતુલભાઇ રવૈયા વોડ નં ૩ માં નિતિન ભેડા જયદીપ થાડા વોર્ડ નં ૪ અતુલ ભેસાણીયા વોડ નં ૫ આશિષભાઇ જોષી સંજયભાઇ આચાર્ય વોર્ડનં.૬ ભરતભાઇ વાઘેલા હનુભાઇ ભુવા વોર્ડ.૭ માં હરેશ ભાઇ સેજુ હનુભાઇ ભુવા ની વરણી કરવા માં આવેલ.આ તકે દરેક બુથમાં યુવા જોડા અભિયાન તેમજ સ્વચ્છતા અભિયાન નું આયોજન કરવા માં આવેલ

## અમરેલી જિલ્લા વિદ્યાસભામાં અંગ્રેજી માધ્યમમાં શાળાકીય રમતોત્સવ યોજાયો

**કે.જી થી ધો ૧ ૨ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો**

અમરેલી,

અમરેલી જિલ્લાની પ્રતિષ્ઠિત સંસ્થા ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત વિદ્યાસભા વિકાસ વિભાગ સંચાલિત શ્રીમતિ સાંતાબેન હરિભાઇ ગજેરા અંગ્રેજી માધ્યમમાં તા ૨૧/૧૧ શુક્રવાર ના રમતોત્સવનુ આયોજન કરવામાં આવતા કે.જી થી ધો ૧ ૨ સુધીના વિદ્યાર્થીઅષોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અને ખેલનું કૈશલ્ય દર્શાવ્યું હતુ

વ્યાવસથાપકશ્રી પટેલ ભારતીય પરંપરા મુજબ દિપપ્રાગટય કરી રમોત્સવની શરૂઆત કરી હતી રમત ચાર વિભાગમાં વંહેચાયેલી હતી.

રેડગૃપ, બ્લુગૃપ , ગ્રીનગૃપ અને યેલો ગૃપ વગેરે વિભાગોમાં દોડ, લાંબીકુદ, ઉંચી કુદ , કોથળાદોડ , સંગીત ખુરશી, રીલે દોડ અને સ્લો સાઇકલીંગ જેવી અનેક રમતો આ સ્પર્ધામાં સમાવામાં આવી હતી. સ્પર્ધામાં ૧થીઉ નંબર મેળનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને જીવન ઉપયોગી પુસ્તો આપી તેમને બિરદાવવામાં આવ્યા હતા . સપર્ધાને સફળ બનાવવા માટેઆચાર્યશ્રી, કોડિનેટરશ્રી અને તથા સ્ટાફગણે ખૂબ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી પોસ્ટ સુપ્રિટેન્ડન્ટ શ્રી મહેશ્વરીને રાષ્ટ્રીય એવોર્ડ મળતા સન્માન કરાયું

**પોસ્ટલ કર્મચારીઓ, દલિત આગેવાનો દ્વારા શાલ, પુષ્પ ગુચ્છ, મોમેન્ટો આપી સન્માન : પોસ્ટલ સ્ટાફ દ્વારા થયેલું ભવ્યાતિભવ્ય આયોજન : અમરેલી પોસ્ટલની કામગીરી બિરદાવી**



અમરેલી,અમરેલી પોસ્ટ સુપ્રિટેન્ડન્ટ શ્રી મહેશ્વરીને પોસ્ટમાં નાની બચતની સુંદર કામગીરી કરવા બદલ કેબીનેટ મંત્રી શ્રી રવિશંકર પ્રસાદજીનાં વરદ હસ્તે દિલ્હી ખાતે રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થતા સમગ્ર ભારતમાં અમરેલી પોસ્ટલનું ગૌરવ વધારેલ. જે બદલ અમરેલી પોસ્ટ ઓફિસમાં તા.૨૩-૧૧-૧૪ રવિવારના અમરેલી પોસ્ટલ કર્મચારીઓ અધિકારીઓ, અનુજાતિના આગેવાનો ભાણજીભાઇ બગડા, નિવૃત પ્રા. અર્જુનભાઇ સોસા, સાવરકુંડલાના ગોવિંદબાપુ તેમજ અનુજાતિનાં આગેવાો જિલ્લા તંત્રી સંઘનાં પ્રમુખ ભરતભાઇ ચૌહાણ દ્વારા આ કાર્યક્રમમાં તંત્રી સંઘનાં અતુલભાઇ કારીયા, કારોબારી સદસ્ય ભાણજીભાઇ બગડા સહિતે શ્રી મહેશ્વરીને શાલ, મોમેન્ટો, પુષ્પ ગુચ્છ આપી ભવ્ય સન્માન કરેલ. આર્શીવચન ગોવિંદબાપુએ આપેલ. પ્રત્યુતર આપતા શ્રી મહેશ્વરીએ જણાવેલ કે ફળની આશા વગર કર્મ કરતો રહ્યો છુ અને કરતો રહીશ અંતમાં આભાર વિધી નિવૃત પોસ્ટ અધિકારી શ્રી વિંઝુડાએ કરેલ.

